## તા.૨૭મી જુલાઇ–૨૦૨૦ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટ્સ નોંધ

આજ રોજ તારીખ તા.૨૭મી જુલાઇ–૨૦૨૦ ના રોજ સોમવારે બપોરે ૩.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| પ્રો.(ડો.) જયરાજસિંહ.ડી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો.(ડો.) પી.એસ.હિરાણી<br>ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.કાશ્મીરા પી.મહેતા<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર–કચ્છ.. | સભ્યશ્રી | હાજર |
| ડો. પરેશ રાવલ<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો.(ડો.) વિજય વ્યાસ<br>પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. આર.વી.બસીયા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી ભવન,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ડો. મનીષ પંડયા<br>કાર્યકારી કુલસચિવશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

મુદાઓ :–

૧. તા.૧૯/૦૬/૨૦૨૦ ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટસનું વાંચન અને બહાલી.
(નોંધઃ– ગત તારીખ તા.૧૯/૦૬/૨૦૨૦ની સભાની મિનિટસ નોંધનું વાંચન અને બહાલી બાબત.)

ઠરાવઃ– ૧. તા.૧૯/૦૬/૨૦૨૦ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.

૨. રજીસ્ટ્રારની જગ્યા ભરવા બાબત.
(નોંધઃ–શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય–ગાંધીનગરના પત્ર અન્વયે રજીસ્ટ્રારની જગ્યા પર નિમણૂંક નવેસરથી પ્રક્રિયાની મંજૂરી આપવા બાબત.)

ઠરાવઃ– ૨. શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય–ગાંધીનગરના પત્ર ક્રમાંકઃકછ્ય/૨૩૧૭/૧૫૧૫/ખ–૨, તાઃ૧૦/૦૭/૨૦૨૦ અન્વયે રજીસ્ટ્રારની જગ્યા પર નિમણૂંક નવેસરથી પ્રક્રિયાની ચાલુ કરી અને ભરતી માટેની કમિટીની રચના કરવી તથા ભરતીની જાહેરાત સ્થાનિક, પ્રાદેશિક તથા રાજય નેશનલ લેવલના વર્તમાનપત્રોમાં આપવાની રહેશે. યુનિવર્સિટી લેવલે સ્ક્રૂનીટી થયા બાદ અન્ય યુનિવર્સિટીના એકસપર્ટ દ્વારા પણ સ્ક્રૂનીટી કરાવાની રહેશે. અરજીઓ માટે સમય અને સંજોગોને ધ્યાને લઇ સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન કે ઓફલાઇન ગોઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩. બી.એસ.એન.એલ.દ્વારા અપાતી ઇન્ટરનેટ કનેકશનની મુદ્દત વધારા બાબત.
(નોંધઃ– કેન્દ્ર અને રાજય સરકારશ્રીના ગ્રાન્ટ દ્વારા ૧ જીબી પીએસ ઇન્ટરનેટ કનેકશન યુનિવર્સિટી ખાતે ૧૦ વર્ષથી કાર્યરત હતુ. તેની અવધિ આગામી સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં પૂર્ણ થવા જઇ રહી છે જેથી આ નેટ કનેકશન માટે બી.એસ.એન.એલ. દ્વારા આ લાઇન ચાલુ રાખવા માટે ત્રણ (૦૩) માસિક ભાડું અંદાજીત રકમ રૂ.ચાર લાખ થવા જાય છે જે અન્ય કોઇ વિકલ્પ ન થાય ત્યાં સુધી ઇન્ટરનેટ કનેકશન ખોરવાય નહિ ત્યાં સુધી મુદ્દત વધારવા બાબત.)

ઠરાવઃ– ૩. સદર બાબત માટે સરકારશ્રી તથા બી.એસ.એન.એલ. સાથે પત્રવ્યવહાર કરી મુદ્દત લંબાવવાની પ્રક્રિયા ચાલુ કરવા અને આ પ્રક્રિયા માટે ત્રણ માસની મુદ્દત લંબાવવામાં આવે છે. આ ત્રણ માસ દરમિયાન પ્રક્રિયા ચાલુ રહે તો વધારાના ત્રણ માસની મુદ્દત લંબાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૪. મહારાષ્ટ્ર નોલેજ કોપોરેશન લિમિટેડ(એમ.કે.સી.એલ.)–પુણેની સેવા અંગે યોગ્ય વિચારણા અને નિર્ણય બાબતે.

ઠરાવઃ– ૪. મહારાષ્ટ્ર નોલેજ કોપોરેશન લિમિટેડ(એમ.કે.સી.એલ.)–પુણેની સેવા અંગે યોગ્ય વિચારણા અને નિર્ણય અન્વયે પુખ્ત ચર્ચા બાદ એમ.કે.સી.એલ.ની જગ્યા એ વર્ષ ૨૦૨૧–૨૨થી ગુજરાત ઇન્ફો પેટ્રો લિમિટેડ (જી.આઇ.પી.એલ.)ની સેવા સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં તમામ અભ્યાસક્રમો માટે પ્રથમ વર્ષથી ક્રમશઃ અમલી કરવા અને વિજ્ઞાન એન ટેક્નોલોજી વિભાગ–ગુજરાત રાજય, ગાંધીનગરના તાઃ૧૮/૦૩/૨૦૧૦ રોજના પરીપત્રને ધ્યાને લઇ આ સદર બાબત માટે કોઇ ટેન્ડર કરવાની જરૂરીયાત ન રહેતા જી.આઇ.પી.એલ.ની સેવા તાત્કાલિક લેવા તથા જે વિદ્યાર્થીઓ એમ.કે.સી.એલ.ની સિસ્ટમમાં એનરોલ છે તેઓને તે જ ફ્રેમવર્ક માંથી પૂર્ણ કરવા સુધી એમ.કે.સી.એલ.ની સેવા પેરેલલ ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫. જે વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ (ફિઝિકલ)રીતે પરીક્ષા આપી શકતા નથી તેવા વિદ્યાર્થીઓની ઓનલાઇન પરીક્ષા માટે ટેન્ડર કરવા બાબત.

ઠરાવઃ- ૫. **જે વિદ્યાર્થીઓ કોવિડ-૧૯ની પરીસ્થિતિમાં પ્રત્યક્ષ (ફિઝિકલ)રીતે પરીક્ષા આપી શકતા નથી તેવા વિદ્યાર્થીઓની ઓનલાઇન પરીક્ષા માટે ટેન્ડર કરવા બાબત અન્વયે હાલમાં ઓનલાઇન પરીક્ષા માટે પુરતા સંસાધન ન હોતા તથા તે માટે ઓનલાઇન પરીક્ષાનું ટેન્ડર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. તાઃ૦૬/૦૭/૨૦૨૦ના રોજના માનવ સંશાધન વિકાસ મંત્રાલય- ભારત સરકારશ્રીના પત્ર મુજબ યુનિવર્સિટીની તાઃ૦૫/૦૮/૨૦૨૦ના રોજ લેવામાં આવતી પરીક્ષા માટે Standard Operating Procedure અમલીકરણ માટે સમિતિની રચના કરવા બાબત.

ઠરાવઃ- ૬. **યુનિવર્સિટીની તાઃ૦૫/૦૮/૨૦૨૦ના રોજ લેવામાં આવતી પરીક્ષા માટે Standard Operating Procedure અમલીકરણ માટે ડો.એન.એન.ભાદરકા, ડીનશ્રી તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષતામાં નીચે મુજબની સમિતિની રચના કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | ડો.એન.એન.ભાદરકા | ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા |
| ૦૨ | ડો.પી.એસ.હિરાણી | ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા |
| ૦૩ | ડો.કે.પી.મહેતા | ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા |

૭. યુનિવર્સિટી કેમ્પસ પર બ્યુટીફિકેશન માટે AMC બાબત.

ઠરાવઃ-૭. **યુનિવર્સિટી કેમ્પસ પર બ્યુટીફિકેશન અનુસંધાને ગાર્ડનની લોન, ઝાડ તથા માન.શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ઉદ્ઘાટિત ધન્વંતરી ઉપવનની માવજતને ધ્યાને લઇ ટેન્ડર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮.સી.એ. ઓડિટરની નિમણૂંક માટે જાહેરાત આપવા બાબત.

ઠરાવઃ-૮. **સી.એ. ઓડિટરની નિમણૂંક માટે નાણા વિભાગ, ગુજરાત રાજ્યના પરીપત્ર ક્રમાંક ઠરાવ ક્રમાંક-જનવ-૧૦-૨૦૧૮-૧૧૪૩-અ, તાઃ૧૬/૦૯/૨૦૧૯માં દર્શાવેલ નીતિ અને સુચનોને ધ્યાને લઇ ટેન્ડરની જાહેરાત આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૧૯ની જોડાણ જાહેરનામાની દરખાસ્ત સરકારશ્રીમાં રજુ કરવાની સંબંધિત કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાબત.

ઠરાવઃ-૯. **આથી સર્વાનુમતે જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી કોલેજોમાં ચાલતા અભ્યાસક્રમોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૨૦૧૯ના જોડાણ જાહેરનામા સંબંધિત આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૧૦. કોવિંદ-૧૯ની પરીસ્થિતિને ધ્યાને લેતા વિદ્યાર્થી તેમજ કર્મચારીઓને વીમા કવચ આપવા બાબત.

ઠરાવઃ-૧૦. **આથી સર્વાનુમતે જણાવવામાં આવે છે કે, વૈશ્વિક મહામારી કોવિંદ-૧૯ એ ભરડો લીધો છે. આવી વિસમ પરીસ્થિતિમાં પરીક્ષાઓ યોજાનાર છે. જેથી પરીક્ષાઓ તથા યુનિવર્સિટીના તમામ કર્મચારીઓ અને પરીક્ષામાં રોકાયેલ તમામ સ્ટાફ મિત્રોને સુરક્ષા કવચ આપવુ અનિવાર્ય હોઇ વિવિધ સરકારી વીમા કંપનીઓ જોડે**



ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

ચર્ચા-વિચારણાના કરી ઉપરોક્ત તમામને વીમા કવચ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ(ઇ.ચા.)

નકલ સવિનય રવાનાઃ- માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.